શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૧ ● અંક : ૩૩ ● તા. ૨૬ જાન્યુઆરી થી ૧ ફેબ્રુઆરી ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.




# કેડીઓ ગ્લોબલ કાર્ડ



**નિશીથ દંડ**
સેક્રેટરી જનરલ

થપ્પડ મારવા કરતાં,

પીઠ થાબડવામાં મહેનત ઓછી છે

અને લાભ ઘણો મોટો છે.

- આચાર્ય વિજયરાજરત્નસૂરિ



નીશિથ આનંદ દંડ

Sure Safety®

Complete Safety Solutions

PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**


Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
Tel. 9769991922
9833406124


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોચ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પરંપરા જાળવીને કરીએ જૈન ધર્મનું સંવર્ધન

સમગ્ર ભારત વર્ષમાં અને ખાસ કરીને શહેરોમાં આજે પશ્ચિમની સંસ્કૃતિ અપનાવવાનો પવન ફૂંકાઈ રહ્યો છે. સામાન્ય રીતે યુવા વર્ગ આ પરિવર્તનના રંગે ઝડપથી રંગાઈ રહ્યો છે. આ બદલાવની અસર હેઠળ આપણી પારંપારિક સંસ્કૃતિ, ધાર્મિક વિધિઓ, સંતોના ઉપદેશો વગેરેની અવગણના કરવી એ જાણે ફેશન બની ગઈ છે. સિનેમા, ટી.વી., સોશ્યલ મિડીયા જેવા સાર્વજનિક માધ્યમોમાં સતત ચાલતા પરંપરાને તિરસ્કૃત કરવાના પ્રચારના મારાથી બળતામાં ઘી હોમાય છે અને લગભગ દરેક ધર્મની યુવા પેઢી ધાર્મિક પરંપરાથી વિમુખ થતી જોવા મળે છે.

જૈન ધર્મના સદ્‌ભાગ્યે જૈન યુવા વર્ગનો મોટો ભાગ હજી ધાર્મિક પરંપરાનું અનુસરણ કરીને એકંદરે ધર્માનુરાગી રહ્યો છે. પૂજ્ય મહારાજ સાહેબોના આદેશોને અનુસરીને આજે મુંબઈ જેવા પાશ્ચાત્ય રંગે રંગાયેલા શહેરમાં પણ સવારના રેશમી ધોતિયું પહેરી, ઉઘાડા દિલે અને ઉઘાડા પગે અનેક જૈન યુવાનો ભક્તિભાવપૂર્વક દેરાસર કે ઉપાશ્રયમાં જતા જોવા મળે છે એ સંતોષજનક બાબત છે. પૂજ્ય ભગવંતોની વાણીના પ્રભાવથી મહદ્‌અંશે જૈનોની યુવા પેઢી સમજણપૂર્વક ધાર્મિક પરંપરાઓ સાથે જોડાયેલી રહી છે. જૈન ધર્મના પ્રચારાર્થે ધર્મને સમર્પિત થઈ દીક્ષા લેનારાઓમાં તેજસ્વી કિશોર-કિશોરીઓ અને ઉચ્ચ શિક્ષિત યુવક-યુવતીઓનું પ્રમાણ વધી રહ્યું છે. જૈન ધર્મની પરંપરા અનુસાર અઠ્ઠાઈ અને વરસીતપ કરનારા તપસ્વીઓની યાદીમાં વર્ષાનુવર્ષ વધુને વધુ બાલ, કિશોર તથા યુવા વર્ગ સ્થાન પામી રહ્યો છે તે જૈન ધર્મ દીગન્ત સુધી ટકી રહેશે એ બાબતનો નિર્દેશ કરે છે.

પરંપરાનું દ્રઢ અનુસરણ એ કોઈપણ સંસ્કૃતિ કે ધર્મને મજબુત કરવાનો પાયો છે. વિપરીત વાતાવરણના ઝંઝાવાત સામે પણ જૈન ધર્મનો યુવા વર્ગ ટકી રહ્યો છે એ અતિશય પ્રશંસનીય બીના છે.

ધર્મો રક્ષતિ રક્ષત - ધર્મની રક્ષા કરનારી ધર્મ રક્ષા કરે છે.

- જય જ્ઞાતિમૈયા

# કેડીઓ ગ્લોબલ કાર્ડ

કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના ચતુર્થ સંમેલનમાં જ્ઞાતિને સર્વાંગી વિકાસને પંથે આગળ વધારવા ઠરાવ/પ્રકલ્પ પાસ કરાયા છે. આ બધા પ્રકલ્પો ચાલુ કરવા, તેની યંત્રણા ગોઠવવા અને જ્ઞાતિજનો તેનો લાભ લઈ શકે તે માટે તેમની પોતાની ઓળખ અપાવવા પ્રથમ કેડીઓ ગ્લોબલ કાર્ડની યંત્રણા પર સમસ્ત મહાજનની ટીમ ખાસ ધ્યાન આપી રહી છે.

દરેક જ્ઞાતિજનનું પોતાની ઓળખ માટે કેડીઓ ગ્લોબલ કાર્ડ જ હોવું જરૂરી હશે. આ કાર્ડ દ્વારા જ અન્ય યોજનાઓના લાભ લઈ શકશે. આ કાર્ડને રાષ્ટ્રીય જૈન માયનોરીટી સંસ્થા માન્યતા આપે તે માટેના પ્રયત્નો ચાલુ છે, જેથી જૈન હોવા વિશે અન્ય માટેના અન્ય કોઈ સર્ટિફિકેટની જરૂર નહીં રહે.




સમસ્ત મહાજન ૨૪ કલાક ચાલતું એક કોલ સેન્ટર પણ ચાલુ કરવા ઈચ્છે છે, જે આપણને કોઈપણ માહિતી જોઈતી હોય તે તે જ સમયે આપી શકશે.

સમસ્ત મહાજનના વિવિધ પ્રકલ્પોમાં કાર્ડધારકને નીચે પ્રમાણે ફાયદા મળશે.

| |
|---|
| **મેડીકલ** |
| વિવિધ હોસ્પિટલની સેવાઓમાં ટાઈઅપને કારણે વિવિધ ડિસ્કાઉન્ટ મેટ્રોપોલીસ તરફથી લેબ સેવાઓમાં |
| **શિક્ષણ** |
| કોલેજ એડમિશન-એન્જીનિયરીંગ-મેડીકલ-કાયદા વગેરેમાં સંસ્થાના કોટામાં કેપીટેશન ફી વગર એડમીશન. ફક્ત વાર્ષિક ફી ભરવાની. (અન્ય ધારા-ધોરણ મૂજબ) |
| **માયનોરીટી** |
| શિક્ષણમાં સરકાર તરફથી મળતી વિવિધ રાહત, લોન માટે યંત્રણા. (અન્ય ધારા-ધોરણ મૂજબ) |
| **સીનીયર સીટીઝન** |
| સરકાર દ્વારા મળતી સગવડો/મદદ માટે યંત્રણા. (અન્ય ધારા-ધોરણ મૂજબ) |
| **માઈક્રોફાઈનાન્સ** |
| સ્વરોજગાર કરવા ૫૦૦૦ થી ૧ લાખ સુધીની લોન. (ધારા-ધોરણ મૂજબ) |
| **સંજીવની યોજના** |
| ત્વરિત મેડિકલ સહાય માટે લોકફાળો (Crowd Funding)ની યંત્રણા. હોસ્પિટલમાં દાખલ થયેલ જ્ઞાતિજન માટે ત્વરિત સહાય. |
| **વેન્ચર કેટાલીસ્ટ ફંડ** |
| જરૂરિયાત મંદ જ્ઞાતિજન પોતાનો નવો ધંધો કરવા કે ધંધો વધારવા મૂડીની જરૂરિયાત હોય તો આ ફંડ દ્વારા યોગ્યને સહાય/લોન. |

## બી ટુ બી

જ્ઞાતિજનો પોતાની જ્ઞાતિમાં ધંધો વધારી શકે તેની યંત્રણા.

## દિવ્યાંગો માટે પેન્શન/સહાય

દિવ્યાંગોને સંભાળવા/સારવાર માટે માસિક સહાય.

## આવાસ યોજના

બદલાપુરમાં શ્રેષ્ઠીવર્યોની સહાયથી ૨૫ કે ૫૦ ઘરની યોજના. (દાતાઓ આવકાર્ય)

## સ્વરોજ યોજના

ઘેર બેઠા અથવા પોતાના પરાંમાં રહીને આવક વધારી શકે તે માટે ભાઈઓ/બહેનો માટે યોજના.

આ બધી યોજનાના લાભ કેડીઓ ગ્લોબલ કાર્ડ ધારકને જ વ્યક્તિદીઠ મળશે. ઉપર જણાવેલ બધી યોજનાઓ કે અન્ય અનુસાંગિક કાર્યો કરવા, યોજનાની યંત્રણા ઊભી કરવા સખી જ્ઞાતિજનો, શ્રેષ્ઠીવર્યો સહાયરૂપ બની શકે તે માટે પ્રીમીયમ કેડીઓ ગ્લોબલ કાર્ડની યોજના જાહેર કરાઈ છે.

# શ્રી સમસ્ત લોડાયા પરિવાર

**એડ્રેસ : કેર ઓફ, સ્ટીચ – એલ, ૩, શીતલ છાયા, નહેરુ રોડ, મુલુન્ડ (વે), મુંબઈ – ૪૦૦ ૦૮૦**

**પ્રમુખ : પ્રવીણ હંસરાજ લોડાયા - ૯૮૨૦૦ ૭૬૬૦૫, ઉપપ્રમુખ : ગોવિંદજી લાલજી પટેલ - ૯૮૨૦૫ ૪૦૯૪૯**

તા. ૨૨ જાન્યુઆરી ૨૦૧૯

મુંબઈ નગર માં આપણી જ્ઞાતિ ની એકજ કુળદેવી ને નમતા જુદી જુદી નુખો અલગ અલગ પહેડીઓ કરી રહ્યા છે. વળી ક્યાંક તો એકજ નુખ ની પણ ગામ દીઠ બે - ચાર ગામ મળી ને પણ જુદી જુદી પહેડીઓ થતી હોય છે. કુળદેવી નું પૂજન આવકાર્ય છે. અને તેનો કોઈ વિરોધ નથી પરંતુ આવી જુદી જુદી પહેડીઓ માં સમય - શક્તિ અને સંપત્તિ વધારે પડતી વપરાય છે. સમય અને સંજોગોની માંગ જોતા એકજ માતાજી ને નમતી તમામ નુખો એકજ સમૂહ પહેડી ઉજવે એ ઇચ્છનીય છે. શ્રી સમસ્ત લોડાયા પરિવાર સચ્ચામાતાની પહેડી નું આયોજન સંમેલન ના પહેલા થી થયી ગયું છે.આ પહેડી માં સચ્ચામાતાજી ને નમતી અન્ય નુખો જોડાય તેવી અમારી ઈચ્છા છે.

આ આશય ને ધ્યાન માં લઇ મુંબઈ માં વસતા સમસ્ત લોડાયા પરિવારો ની કુળદેવી સચ્ચામાતા ની એકજ સમૂહ પહેડી છેલ્લા પાંચ વરસ થી ઉજવાઈ રહી છે. વળી તાજેતર માં યોજાયેલ જ્ઞાતિ ના તમામ મહાજનો ના સંમેલન માં આ બાબતે ચર્ચા કરી મુંબઈ ખાતે એક કુળદેવીની તમામ નુખો ની એકજ પહેડી ઉજવાય એવું ઠરાવવામાં આવ્યું છે.

આ અંગે વિસ્તૃત ચર્ચા કરવા સચ્ચામાતાને નમતી તમામ નુખો ના આગેવાનો / પહેડી આયોજકો ની એક સભા તા. ૧૦-ફેબ્રુઆરી-૨૦૧૯ ના રવિવાર ના બપોરે ૪ થી ૬ દરમ્યાન "દેવપુંજ (મેપાણી હોલ), વાલજી લધા રોડ, મુલુન્ડ (વે) ખાતે આયોજન કરવામાં આવ્યું છે. સૌ પહેડી અગ્રેસરો ને પધારવા નમ્ર વિનંતી

***ભેદા, બોરીચા, ચુરલા, દંડ, ધુલ્લા, ધ્રોડ, ગડા, હેફા, ગુટકા, કાંકણ, ખોના, લાલકા, લાપસીયા, લૂઠિયા, લોડાયા, માંચા, પનપારિયા, સાયલા, સંઘવી, સાંચા, વિકમશી***

ઉપર મુજબ નુખ ના સચ્ચામાતા ના પહેડી ના આયોજકો તથા આગેવાનો ને નમ્ર અપીલ કે પહેડી નું એક સંકલન કરવા માટે સભા નું આયોજન કરવામાં આવેલ છે. જરૂર થી પધારવા નમ્ર વિનંતી.

લિ

શ્રી સમસ્ત લોડાયા પરિવાર વતી

પ્રમુખ શ્રી પ્રવીણ હંસરાજ લોડાયા

વધુ વિગત માટે સંપર્ક

શ્રી વિરચંદ લોડાયા : ૯૫૯૪૬૦૦૯૦૦, શ્રી વિરેન્દ્ર લોડાયા : ૯૮૨૧૦૭૩૮૩૦, શ્રી સંદીપ લોડાયા : ૯૮૬૭૧૬૭૩૮૭

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન

## કેડીઓ ગ્લોબલ કાર્ડ મેળવવા ભરવાનું ફોર્મ

મારી ઈચ્છા ગ્લોબલ કાર્ડ લેવાની છે મને ______ કાર્ડ આપશોજી. હું આપની દરેક શરતોને આધિન આ કાર્ડનો ઉપયોગ કરીશ.

નામ : ______________________ વ.પ.નં.: __________ વતન : __________

સરનામું : ______________________________________________

______________________________________________

મોબાઈલ/ફોન નં.ઘર ______________ મોબાઈલ નં. ______________

વોટ્સએપ નં. ______________ ઈમેલ ______________

અભ્યાસ ______________ વ્યવસાય ______________

અન્ય વિશેષ માહિતી ______________________________

______________________________________________

આ સાથે રૂા. __________ મોકલેલ છે. જે સ્વીકારજો.

### શરતો અને નિયમો

- કેડીઓ ગ્લોબલ કાર્ડ, તમે ક.દ.ઓ. જ્ઞાતિના છો તેની ઓળખ છે. આ કાર્ડ સમસ્ત મહાજન/ક.દ.ઓ. મહાજનો/ ક.દ.ઓ. સંસ્થાઓ સાથેના વ્યવહારમાં જરૂરી રહેશે. તેમની સેવાઓનો કાર્ડધારકને લાભ અપાશે.
- રૂા.૨૦૦૦૦ સુધીની કૌટુંબિક માસિક આવકવાળા માટે કાર્ડની કિંમત રૂા.૫૦ વાર્ષિક વ્યક્તિદીઠ રહેશે.
- રૂા.૨૦૦૦૦ થી વધુ કૌટુંબિક માસિક આવકવાળા જ્ઞાતિજનો માટે રૂા.૩૦૦ વાર્ષિક વ્યક્તિદીઠ રહેશે.
- સમસ્ત મહાજનશ્રીની ઓફિસેથી વિવિધ યોજના ચલાવવા નવું માળખું ઉભું કરાશે. ૨૪ કલાક ચાલતું કોલ સેન્ટર પણ ચાલુ કરાશે. વિવિધ યોજનાઓ માટે જુદા જુદા એપ સ્થાપવા/ચલાવવા માટે. સુજ્ઞ શ્રેષ્ઠીવર્યો/જ્ઞાતિજનોને વિવિધ પ્લેટીનમ કાર્ડ - ૫ લાખ, ગોલ્ડન કાર્ડ - ૩ લાખ, સીલ્વર કાર્ડ - ૨ લાખ અને બ્રોન્ઝ કાર્ડ - ૧ લાખ (બધા જ કાર્ડનું પેમેન્ટ ફક્ત એક વખત આપવાનું રહેશે) ડોનેશનરૂપે સ્વીકારવા વિનંતી છે. સંમેલનમાં આ પ્રિમીયમ કાર્ડના નામ નોંધાયા છે. અન્યોને આ યોજના સફળ કરવા યોગ્ય કાર્ડ મેળવવા વિનંતી છે.

ફોર્મ ભરનારની સહી :

**For Office Use : Card No.**

# સમસ્ત લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની છઠ્ઠી સમૂહ પહેડી

શ્રી સમસ્ત લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની છઠી સમૂહ પહેડી તા. ૨૦-૦૪-૨૦૧૯ શનિવારના કાલિદાસ ઓપન ગ્રાઉન્ડમાં રાખવામાં આવેલ છે.

નીચે મુજબના દાતાશ્રીઓ આવકાર્ય છે.

**સચ્ચાઈમાંના પહેડી પ્રસંગના નીચે મુજબના લાભ**

માતાજીને તેડી આવવાના લાભાર્થી, માતાજીને પોંખવાના લાભાર્થી, માતાજીને ચુંદડી ઓઢાડવાના લાભાર્થી. દિપ-ધૂપ પૂજાના લાભાર્થી, માતાજીને ફૂલહાર પહેરાવવાના લાભાર્થી.

માતાજીના થાળના લાભાર્થી, માતાજીના થાળના લાભાર્થી, માતાજીની આરતીના લાભાર્થી

પૂજામાં બેસવાના લાભાર્થી, પૂજામાં બેસવાના લાભાર્થી, માતાજીને ચાંદીનો છત્ર ચડાવવાના લાભાર્થી

દાતાશ્રી બનવા માટે આપના પરિવારનું નામ લખાવવા સંપર્ક કરવા વિનંતી. સંપર્ક - શ્રી વિરચંદ લોડાયા : ૯૫૯૪૬૦૦૯૦૦, શ્રી વિરેન્દ્ર લોડાયા : ૯૮૨૧૦૭૩૮૩૦, શ્રી સંદીપ લોડાયા : ૯૮૬૭૧૬૭૩૮૭.

# ડોંબિવલી મંડળ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે

## શ્રી મેઘકુમાર નરશી દૌલત (સુથરી-ઘાટકોપર) - ક્રિકેટ ટૂર્નામેન્ટ

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલી દ્વારા જ્ઞાતિસ્તરે ક્રિકેટ પ્રેમીઓ માટે રવિવાર, તા. ૦૩.૦૨.૨૦૧૯ ના રોજ સવારે ૭.૩૦ કલાકે. સ્થળ - ડી.એન.સી. ગ્રાઉન્ડ, ડોંબિવલી (પૂર્વ) - ૪૨૧ ૨૦૧. મધ્યે એક દિવસીય મર્યાદિત ઓવરોની ક્રિકેટ મેચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. એમાં ભાગ લેવા સમસ્ત જ્ઞાતિની ટીમોને આમંત્રણ છે.

ટીમના નામ, ફોન નંબર સાથે રૂા.૨,૦૦૦/- ટીમ દીઠ (રૂપિયા બે હજાર પૂરા) મંડળમાં ભરી નામ નોંધાવવા વિનંતી. આ રોમાંચક હરીફાઇ જોવા અને યુવકોને પ્રોત્સાહિત કરવા સર્વે ક્રિકેટ પ્રેમીઓ, જ્ઞાતિજનોને સહપરિવાર મિત્ર મંડળી સહિત પધારવા હાર્દિક આમંત્રણ છે.

સંપર્ક - શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી, રમત ગમત સમિતિ ચેરમેન - શ્રી નીલેશ શીવજી મૈશેરી (વારાપધ્ધર) - ૯૮૧૯૮ ૧૨૭૮૫.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જ્ઞાતિના ૭૯મા સમુહલગ્ન નિમિતે મહિલા મંડળ દ્વારા પંચકલ્યાણક પૂજા યોજાઈ



શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા આયોજિત ૭૯ માં સમૂહ લગ્નના પ્રારંભે માંગલિક શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સ, કાંજૂરમાર્ગ મધ્યે શ્રી વિમલનાથ દાદાને દરબારે શ્રી અનંતનાથ મહિલા મંડળ દ્વારા ૨૫.૧.૧૯ ને શુક્રવારે બપોરે ૩.00 કલાકે ભણાવવામાં આવેલ. સારી સંખ્યામાં બહેનોની હાજરી રહેલ.સમૂહ લગ્ન સમિતિના કન્વીનર દક્ષાબેન મોતા, મનીષાબેન લાલકા, જિજ્ઞા છેડા, જસમીન સાયલા, વર્ષા લોડાયાની હાજરી રહેલ.





# જ્ઞાતિના ૭૯મા સમુહલગ્ન નિમિતે મહિલા મંડળ દ્વારા પંચકલ્યાણક પૂજા યોજાઈ







તેમજ તા.૨૫.૧.૧૯ ના રોજ સવારથી શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સમાં સમૂહ લગ્નમાં જોડાયેલ કન્યાઓને મહેંદી મુકવા માટે આપણી જ જ્ઞાતિની બહેનોઃ હિરલબેન મિથુન જીવાણી, દર્શનાબેન કિશોર છેડા, અર્ચના વિજય લોડાયા,જસમીન લિતેશ ખોના તથા નિયાણી રીટા દિનેશ સત્રા અને ભાઈ શ્રી ડિમ્પલ મહેન્દ્ર મૈશેરી દ્વારા તેમની કળા ની માનદ સેવા  દરેક સમૂહ લગ્નની જેમ મળેલ.

શ્રી મુંબઇ મહાજન દ્વારા સર્વે બહેનો તથા ડિમ્પલભાઈની ઉમદા સેવા બદલ ભૂરી ભૂરી અનુમોદના, લગ્ન સમિતીની બહેનો દ્વારા અપાયેલ અમૂલ્ય સમયની સરાહના.

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન વતીઃ રમેશ લોડાયા તથા ચેતનકુમાર મોમાયા.



# ચેસ નિષ્ણાત હર્ષા નાગડાનાં સરળતાથી ચેસ શીખવતા પુસ્તકનું વિમોચન થયું






શ્રીમતી હર્ષા મનોજ નાગડા છેલ્લા વીસ વર્ષોથી મહારાષ્ટ્રના વિવિધ શહેરોમાં ચેસના કોચિંગ ક્લાસીસ ચલાવે છે. ૨૫ અને ૨૬ મી જાન્યુઆરીએ મુંબઇના જુહુ ખાતે આવેલી ભાણબાઈ નેણસી કોલેજના ૭૦-૮૦ વિદ્યાર્થીઓ એમની પાસેથી ચેસ શીખ્યા. ઘણા વિદ્યાર્થીઓ કોચિંગ ક્લાસના સ્થળેથી દૂર રહેતા હોવાથી તેઓ આ કોચિંગનો લાભ લાઇ શકતા નથી. આવા વિદ્યાર્થીઓના લાભાર્થે કોચિંગ ક્લાસે 'નાગડા ચેસ બૂક' લોંચ કરી છે. આ બૂકનું વિમોચન ભાણબાઈ નેણસી કોલેજના ટ્રસ્ટી શ્રીમતી મીરાબહેને કર્યું હતું.

આ પુસ્તક દ્વારા હવે કોઇ પણ વ્યક્તિ સરળથાથી ચેસ શીખી શકશે. પુસ્તકની કીંમત એકદમ વાજબી છે અને અંગ્રેજી ભાષામાં એના એક પછી એક પાઠ શીખવાની જોગવાઇ છે.



# ટાટા મુંબઈ મેરેથોન ૨૦૧૯માં ભાગ લેનારા જ્ઞાતિજનોના અનુભવો

## જિતેશ ખોના :

મારી બીજી હાફ મેરેથોન પૂર્ણ કરતા જે અનુભવ થયો તે મારી લાઈફમાં અવિસ્મરણીય રહેશે. મારા ભુતકાળના ટ્રેનિંગના દિવસો યાદ કરતા હું સચિન સરનો ખુબ ખુબ આભારી છું. તેઓ સમય સમય મારામાં આત્મવિશ્વાસ જગાડી અને પ્રોત્સાહન આપતા હતા તેથી જ આજે હું આ મારી પ્રથમ હાફ મેરેથોન ૨ કલાક ૪૩ મિનિટમાં પૂર્ણ કરી શક્યો મને ટાટા મુંબઈ મેરેથોન તરફથી જે મેડલ મળ્યું છે તેને લીધે હું મારી લાઈફમાં ગૌરવ અનુભવુ છું.



## લીના ખોના :

મેં ટાટા મુંબઈ મેરેથોનમાં આ ૪થી વખત ભાગ લઈ અને મારી રેસ મેં પૂર્ણ કરેલ. હું ખરેખર સચીન સરની આભારી છું કે જેમણે સમયે સમયે તાલીમ આપી મારામાં આત્મવિશ્વાસ વધારેલ અને મારા મિત્રોએ જ્યારે આપણે નજીવી ઈજા થઈ હોય ત્યારે પ્રોત્સાહન આપ્યું હતું.



## ચંદ્રેશ શિયાલ :

મારી આ ચોથી હાફ મેરેથોન મે ૨ કલાક ૧૪ મીનીટ અને ૫૨ સેકન્ડમાં પૂરી કરી છે.

આ વખતે ગરમ વાતાવરણને કારણે અને મારી ઈન્જરી થયા છતા પણ મેં સફળતાપૂર્વક આ મેરેથોન પુરી કરી એનો મને ગર્વ છે. આ રન હું મારા દિકરા હર્ષને સમર્પિત કરું છું.




## સુમન લોડાયા :

મારી આ ફુલ મેરેથોન મે ૫ કલાક ૩૪ મીનીટ અને ૨૦ સેકન્ડમાં પૂરી કરવાનો મને આનંદ છે.

આનાથી પહેલા મેં ૧૦ હાફ મેરેથોનમાં ભાગ લીધેલ છે આ વખતની આ મારી બીજી ફુલ મેરેથોન મે સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.





## પોમેશ મોમાયા :

મારી ૭મી ફુલ મેરેથોન દોડયો. મારી આ મેરેથોન મે ૪ કલાક ૧૫ મીનીટમાં પૂરી કરી. આ મેરેથોન મારી આશા કરતા ૩૦ મિનીટ વહેલી પૂર્ણ કરી અને ગયા વખતની દોડ કરતા મેં ૫૩ મિનીટ વહેલી પૂર્ણ કરી જેનો મને ગર્વ છે.

# ગિરનાર તીર્થે આચાર્ય ભગવંતોનો શાનદાર પ્રવેશ



તા.૨૧ જાન્યુઆરી સવારે ૯.૦૦ વાગે ગિરનાર મહાતીર્થમાં પ.પુ.આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પુ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા , પ.પુ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા તથા અન્ય સાધુ સાધ્વીજી મ.સા નો શાન દાર પ્રવેશ થયો. ૯૯ ના સંઘપતિઓ, યાત્રિકો, કાર્યકરોમાં આવતીકાલે શરૂ થનાર ૯૯ યાત્રા માટે ખુબજ ઉત્તેજના છે.





# શ્રી ક.દ.ઓ. મંડળ – ડોંબિવલી દ્વારા આયોજિત રંજન સંધ્યાનો અહેવાલ

શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી દ્વારા રવિવાર, તા. ૦૬.૦૧.૨૦૧૯ના રોટરી ક્લબ, ડોંબિવલી (પૂર્વ)માં રંજનસંધ્યાનો ખૂબજ સુંદર રીતે પ્રારંભ થયેલ. સ્પર્ધામાં કુલ ૨૫ સ્પર્ધકોએ ભાગ લીધેલ.

રોટેટીંગ ટ્રોફીના દાતા પરિવાર માતુશ્રી નવલબાઇ જેતશી શિયાલ (દલતુંગી-ડોંબિવલી) હસ્તે : શ્રી નરેન્દ્રભાઇ જેતશી શિયાલ હતા. તેમના તરફથી રૂ.૧૧,૦૦૦/-નું અનુદાન મંડળને મળ્યુ હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય અને હારારોપણ કરવા શ્રી નરેન્દ્ર જેતશી શિયાલ પરિવાર, નિર્ણાયક શ્રી પ્રતિક ગાલા (ડોંબિવલી) શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલીના પ્રમુખશ્રી હેમંત રમેશ ધુલ્લા, ઉપપ્રમુખ શ્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા, માનદ્‌મંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા, રંજન સંધ્યાના ચેરમેન શ્રીમતી જીગ્ના વિજય છેડા તથા કમિટી મેમ્બરોના હસ્તે કરવામાં આવ્યું હતું.

દીપ પ્રાગટ્ય અને હારારોપણ બાદ નવકાર મહામંત્રનું પઠન શ્રીમતી જીગ્નાબેન વિજય છેડા, શ્રીમતી બીનાબેન, કુ.મિત્તલ વિશ્વજીત લોડાયાએ કર્યું હતું. ત્યારબાદ કાર્યક્રમની શુભ શરૂઆત શ્રી મહેન્દ્ર મેઘજી મોતાએ દાતા પરિવાર, આમંત્રિત મહેમાનો અને સર્વે જ્ઞાતિજનોને આવકાર આપીને કરી હતી. બધા જ સ્પર્ધકોએ ખૂબ જ સારો અભિનય આપી પોતાની અદાકારીને નિભાવી પોતાની પ્રતિભાનું હુન્નર દેખાડ્યુ હતું. (દરેક સ્પર્ધકોને તાળીઓના ગડગડાટથી ઉત્સાહિત કરીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું) ચિ. જતીન નરેન્દ્ર જેતશી શિયાલના જન્મ દિવસ નિમિત્તે તેમના તરફથી રૂ.૨૫૦૦/- પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યા હતા. જે રકમ દરેકને સરખે ભાગે આપવામાં આવી હતી. મંડળ તરફથી પહેલા, બીજા, ત્રીજા તેમજ બાળકોને પ્રોત્સાહિત ઇનામો આપવામાં આવ્યા હતા.

ભૂતપુર્વ પ્રમુખ શ્રી નરેન્દ્ર જેતશી શિયાલ અને શ્રી રાયચંદ દેવશી જીવાણી હાજર રહ્યા હતા. રંજનસંધ્યામાં રોટેટીંગ ટ્રોફીના વિજેતા રચનાબેન શામજી લોડાયા (મોટી ખાવડી), ''મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે' (ફિલ્મ મોગલ એ આઝમ)ને મળ્યુ હતું. શ્રી નરેન્દ્ર જેતશી શિયાલ પરિવાર, નિર્ણાયક શ્રી પ્રતિક ગાલા, શ્રી ગીરીશ ભવાનજી મેઘાણીનું બહુમાન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમની પૂર્ણાહૂતિ બાદ અલ્પાહાર કરી આનંદ માણ્યો હતો. સાથે પાકા ચૌવિહારવાળાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમના ફોટોગ્રાફની એક કોપી દરેક સ્પર્ધકને એવીએમ ક્લીક સ્ટેશન તરફથી ફ્રી આપવામાં આવશે એવી જાહેરાત કરવામાં આવી હતી જે મંડળમાંથી મેળવી લેવા વિનંતી.

સંપૂર્ણ કાર્યક્રમમાં સાથ સહકાર આપેલ તે સર્વેનો શ્રીમતી જીગ્નાબેન વિજય છેડાએ આભાર વ્યક્ત કરેલ.

# રાયપુરના ચંદ્રેશ શાહનો છત્તીસગઢની ગ્રામીણ વિકાસ સમિતિમાં સમાવેશ

છત્તીસગઢ સરકારના ગ્રામીણ વિકાસ ખાતાએ જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (ડીશા) માટે ચાર નામોની વરણી કરી છે, જેમાં ચંદ્રેશ શાહનો સમાવેશ થાય છે. રાયપુર નિવાસી ચન્દ્રેશ શાહ કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના એક જાણીતા નાગરિક છે.


Chandresh Somchand Lodaya
(+91) 98671 70789 • 98671 70794



MA OM PARIVAHAN PVT. LTD.
WORK IS WORSHIP
Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394
Email : somchand@maom.net
Web : www.maomparivahan.com
WAREHOUSE
Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane
M. : 9867170790 / 781

# તિરુપુર ગુજરાતી મંડળ દ્વારા નવા વર્ષની સંગીતમય ઉજવણી

ઈસુના નવા વર્ષ ૨૦૧૯ના આગમનને વધાવવા માટે શનિવાર તા.૧૯-૧-૨૦૧૯ના તિરુપુર ગુજરાતી મહિલા મંડળ દ્વારા મ્યુઝિકલ નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં મૈસુરની એ.એસ. ખાન એન્ડ પાર્ટીએ જુના ગીતો દ્વારા શ્રોતાઓનું ભરપૂર મનોરંજન કર્યું હતું.

રાત્રે ૮.૩૦ કલાકે શ્રી ગુજરાતી શુભેચ્છક સમાજ મંડળના હૉલમાં કાર્યક્રમની શરૂઆત કરતાં મહિલા મંડળના પ્રેસિડન્ટ વર્ષાબેન વિભાકરએ ઉપસ્થિતોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શરૂ થયેલા સંગીતના કાર્યક્રમને સૌએ રાત્રે ૧ વાગ્યા સુધી આનંદપૂર્વક માણ્યો હતો. આ પ્રસંગે મહિલા મંડળ દ્વારા ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. મહિલા મંડળના સર્વ પદાધિકારીઓએ એ.એસ.ખાન એન્ડ પાર્ટીનું સન્માન કર્યું હતું. અંતમાં મહિલા મંડળના સેક્રેટરી કલ્પનાબેન નંદોલાએ આભારવિધિ કરી હતી.





## તિરુપુર ગુજરાતી મહિલા મંડળના પદાધિકારીઓ વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦

**પ્રેસિડન્ટ : શ્રીમતી વર્ષા વિભાકર**

**વાઈસ પ્રેસિડન્ટ : શ્રીમતી જયશ્રી નંદોલા**

**સેક્રેટરી : શ્રીમતી કલ્પના નંદોલા**

**જોઈન્ટ સેક્રેટરી : શ્રીમતી શૈલા શાહ**

**ટ્રેઝરર : શ્રીમતી ભારતી વ્યાસ**



# ડોંબિવલી મંડળ દ્વારા ખેલકૂદ સ્પર્ધાઓ યોજાઈ

શ્રી ક.દ.ઓ. મંડળ-ડોમ્બિવલી દ્વારા આયોજિત ખેલકૂદ રમત ગમત સ્પર્ધા ખુબજ સુંદર રીતે પરિપૂર્ણ થઈ હતી. આ રમત ગમતમાં બાળવર્ગથી સિનિયર સીટીઝન સુધી ૬૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. અલગ અલગ વય મુજબ ૩૫ જેટલી રમત રમાડવામાં આવી હતી.

સવારે સૌ પ્રથમ જે.બી.ગ્રાઉન્ડ - ડોમ્બિવલી પશ્ચિમમાં ધ્વજ વંદન નો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. ત્યાંના પ્રતિષ્ઠિત વ્યક્તિ શ્રી શૈલેન્દર ભોઇરના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ મંડળના પ્રમુખ શ્રી હેમંત ધુલ્લા, ઉપપ્રમુખ શ્રી ભુપેન્દ્ર ડાઘા, સેક્રેટરી શ્રી મહેન્દ્ર મોતા તથા કમિટીના સભ્યો દ્વારા દીપ પ્રાગટ્ય થયા બાદ ખેલકૂદ સ્પર્ધાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

શ્રી મુંબઇ મહાજનના સેક્રેટરી શ્રી રમેશભાઈ લોડાયા તથા મંડળના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રાયચંદભાઈ જીવાણી, શ્રી કેતુલભાઈ પોલડીયા તથા શ્રી ગીરીશભાઈ મેઘાણી પધારેલ હતા.

સાંજે ૪ કલાકે સ્પર્ધા પૂર્ણ થયા બાદ સ્પર્ધાના વિજેતાઓને ઉપયોગી એવા ઈનામો આપવામાં આવ્યા હતા. સ્પર્ધકો ખૂબ જ ઉત્સાહિત હતા.

ખેલકૂદના કન્વીનર શ્રી નિલેશ શિવજી મૈશેરી (વારા પધ્ધર) ખુબ જ સુંદર વ્યવસ્થા કરી હતી. સવારના ચા નાસ્તો બપોરનું ભોજન વગેરે સુંદર વ્યવસ્થા રહી હતી.

આવતા રવિવારે ૩/૨/૧૯ના ક્રિકેટ મેચનું 'ડી એન સી' ગ્રાઉન્ડ ડોમ્બિવલી પૂર્વમાં આયોજન કરવામાં આવ્યું છે. જ્ઞાતિજનોને આ ક્રિકેટમેચ જોવા ખાસ આમંત્રણ આપવામાં આવે છે.

આ ક્રિકેટ મેચમાં ૮ ટીમોએ ભાગ લીધેલ છે આ ટુર્નામેન્ટ ખુબ જ રોમાંચિત થવાની સંભાવના છે.




KDO
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઇ - ૪૦૦ ૦૦૯
ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯ • ઈમેલ : anantnathtrust@gmail.com

## કુમઠા તથા વાલગીરી દેરાસરજી - અઢાર અભિષેક તથા ધ્વજા મહોત્સવ પ્રસંગે તા. ૦૭ તથા ૦૮ માર્ચ ૨૦૧૯ના પધારવા હાર્દિક આમંત્રણ.

**શ્રી અનંતનાથજી ટ્રસ્ટ** સંચાલિત, પ્રાચીન, શ્રી શાંતિનાથજી દેરાસરજી, વાલગીરી તથા શ્રી પાર્શ્વનાથજી દેરાસરજી, કુમઠા મધ્યે **અઢાર અભિષેક તથા ધ્વજા મહોત્સવ**નો પ્રસંગ ફાગણ સુદ બીજ તથા ત્રીજ, **ગુરૂવાર તા. ૦૭-૦૩-૨૦૧૯** તથા **શુક્રવાર તા. ૦૮-૦૩-૨૦૧૯**ના રોજ **પ.પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.**ની નિશ્રામાં ધામધૂમથી ઉજવીએ.

સૌ જ્ઞાતિજનોને વહેલી તકે ટિકિટો કઢાવી લેવા આગ્રહભરી વિનંતી છે. દર વર્ષે હુબલી, ગદગ, સીરસી, ગોવા વગેરે ગામોથી ૧૦૦-૧૨૫ જ્ઞાતિજનો ટ્રસ્ટના આમંત્રણને માન આપીને ઉમળકાભેર આવે છે. ત્યાં રહેવા, જમવાની વ્યવસ્થા ખૂબ સુચારૂ રૂપે થાય છે.

**-: વ્યવસ્થા માટે સંપર્ક :-**

શ્રી કાંતિલાલભાઇ (કુમઠા) - 092421 75461
શ્રી હીરાચંદભાઇ (વાલગીરી) - 081056 05020

**શ્રી અનંતનાથજી ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર**

**નોંધ :** જે કોઇ જ્ઞાતિજન ઉપરોક્ત પ્રસંગે પધારવાના હોય, તેમણે પોતાના નામ, ઉંમર, મોબાઇલ નંબર, કચ્છ/હાલારનું ગામ તથા હાલ રહેઠાણની વિગત તા. ૦૪-૦૨-૨૦૧૯ સુધી કુમઠા જણાવવી, જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.




શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર (ગામ - સાયરા)

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - રાણપર

શ્રી કચ્છ પ્રદેશે શ્રી રાણપરના આંગણીયે

**શ્રી મહાવીર સ્વામીજી જિનાલય પ્રતિષ્ઠા પ્રસંગે**

# ત્રયાન્હિકા મહોત્સવે પધારવા સપ્રેમ આમંત્રણ

**મહોત્સવ પ્રારંભ**
વિક્રમ સંવત ૨૦૭૫ મહા સુદ - ૯
બુધવાર, તા. ૧૩-૦૨-૨૦૧૯

**પાવન પ્રતિષ્ઠા દિવસ**
વિક્રમ સંવત ૨૦૭૫ મહા સુદ - ૧૧
શુક્રવાર, તા. ૧૫-૦૨-૨૦૧૯

**દ્વારોદ્ઘાટન**
વિક્રમ સંવત ૨૦૭૫ મહા સુદ - ૧૨
શનિવાર, તા. ૧૬-૦૨-૨૦૧૯

**સમસ્ત શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોને પધારવા હાર્દિક આમંત્રણ...**


Since 1989

*Mr. Chetankumar Momaya*
Proprietor
Jakhau - Ghatkopar

**OLYMPIA**
**TRAVELS 'N' TOURS**

" The One Stop Travel Shop, Right Where You Need It "

- Air Tickets
- Destination Wedding
- Spiritual & Wellness Tourism
- Adventure & Sports Tourism
- Bollywood & Cinema Tourism
- M.I.C.E. Operator
- Inbound & Outbound Tours
- Worldwide Cruise & Hotel Booking
- Visa / Passport Assistance
- Travel Insurance

Weekend Destination

Shop No.5 | Megh Ratan | Derasar Lane | Ghatkopar East | Mumbai – 400 077 | Maharashtra | India
+91-22-2501 3810/11/12
+91-93240 58413
olympia_tours@hotmail.com; info@olympiatourism.in;
www.olympiatourism.in

IATA Accredited Agent


## જ્ઞાતિમૈયા માં

## આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટસએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**

# સગપણ સેતુ

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.



આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.

**Personal Details :**



Name : Labdhi Nagda
DOB : 02-10-1993
Time : 07.20 pm
Birth Place : Khirkiya Dist.Harda
Home Town : Indore
Height : 5.5"
Weight : 47 kg
Color : Fair
Qualification : B.Com
Hobby : Music & Watching T.V.
Occupation : Family Business
Sampradaya : Shwetamber Murtipujak (Jain)
Culture : Kutchi Dasa Oswal
Native Place : Lala (Kutch, Gujarat)

**Paternal Family Detail :**
Grand Father : Bhavanji Vershi Nagda
Grand Mother : Laxmibai Nagda
Father Name : Naresh Nagda (9425635623)
Mother Name : Chetna Nagda (9406605096)
Siblings : Mayank Nagda (Married)

**Maternal Family Details :**
Grand Father : Manilal Shivji Maisheri
Grand Mother : Gunvantibai Maisheri

**Father Busines :**
Manufacturing In Readymade Garments

**Resident Address :**
34, Royal Bunglow, Shivalya, Bijalpur, Indore(M.P.),
Pin Code - 452 012.

Gyatimaiya KDO Mahajan Code No. G-18

**Personal Information :**



Name : - Geeta Maisheri

Address : - H.No. 1-5-68/6, Pangari Colony, Chatinayapuri, Hyderabad Telangana - 500 060.

Contact No :- 040 -24045026, 9949815997

Email ID :- geeesh.gem@gmail.com

Age : - 34 Years

Dob : - 14th Nov. 1981.

Height : - 5". 7" Inch

Weight :- 68 kgs

Birth Place : - Hyderabad

Birth Time : - 03.30 A.M

Native Place : - Jakhau

Hobbies : - Hearing Songs, Vesting New Place's

Education : - Inter., (12)

Occupation : - Self Employeed

Family Information: Rupali Litesh Mota (Sister)

Preeti (Sister)

Father's Name :- Shri Chandrakant Herji Maisheri

Mother's Name :- Sau.Chetana Chandrakant Maisheri

Materal Grand Father :- Jachind Damji Lodaya

Business :- Rupali Colleetion (Gift & Novelties)

Gyatimaiya KDO Mahajan Code No. B-16

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# સુથરી ગામના જ્ઞાતિજનોને પોતાના સરનામા તથા અન્ય વિગતો મોકલવા વિનંતી કરાઈ

સુથરી ગામવાસીઓ તથા નિયાણી બહેનોને નમ્ર વિનંતી કરવામાં આવી છે કે સૌ પોતાના એડ્રેસ તથા ઇ-મેલ આઇડી અને વોટસએપ મોબાઈલ નંબરની વિગત નીચે આપેલ મોબાઈલ તથા ઈ-મેલ આઇડી પર તા. ૩૧/૩/૨૦૧૯ સુધી મોકલાવે જેથી ભવિષ્યમાં ગામ દ્વારા આયોજીત કાર્યક્રમના આમંત્રણથી વંચિત ન રહી જવાય. નિયાણી બહેનોએ માતા પિતાનું નામ લખવા વિનંતી.

Email - sontharitrusts@gmail.com,
narsey@hotmail.com,
vpdhulla@yahoo.com
Mobile no. 9833152695, Kirtibhai Lodaya or 9869703353 Vijay Dhulla.

| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977
Bipin Nagda
Insurance & Financial Services
An ISO 9001:2015 Certified Co.
India's Leading Agent
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
Mob. : 9323525000
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development
40 Years Experience in Mehendi
- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait
Etc.
Special Discount KDO

BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station, Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com


ગ્રેજ્યુએશન પછી શું કરશો ?
શું MBA તથા અન્ય કોર્સ વિદેશમાં કરવા નું વિચારો છો ?
શું ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુ.કે. માં ભણતર ની ખોજમાં છો ?
Gateway Abroad
Changing Dreams Into Reality
We Specialise in Counselling students for higher studies in countries like United Kingdom, Newzealand, Australia, Canada, USA, Ireland etc.
WE PROVIDE SERVICES LIKE
Guide students about Application to universities abroad
Help them select course.
Financial support via student Loan
Student visa processing
Accommodation abroad
Contact us - Gateway Abroad :
www.gatewayabroad.com
Aman Sandeep Shah - 9769983013



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● અબડાસા જૈન ધર્મના પંચતીર્થીમાં જેનો સમાવેશ થાય છે એવા સાંધણ ગામથી તુતરા રોડ પાટિયા સુધીના સાત કિલોમીટરના ખખડધજ રસ્તાના કારણે લોકો તેમજ યાત્રાળુઓ પરેશાની ભોગવી રહ્યાં છે. તો કેટલાક વાહન ચાલકો રસ્તાથી કંટાળીને કોઠારા જવા આવવા માટે સાત કિલોમીટરનો ફેરો ખાઈને વાયા સુથરી થઈને નાછૂટકે જાય છે. જેના કારણે સમય, નાણા અને ઉર્જાનો બિનજરૂરી વ્યય થાય છે. આ રોડની બિસમાર હાલત તાતત્કાલિક અસરથી સમારકામ કરાય એવી માંગ ગ્રામપંચાયત સભ્ય જયશ્રીબેન ઠક્કર અને વેપારી અગ્રણી રમેશભાઈ ઠક્કરે કરી છે.

● અંજાર એજ્યુકેશન સોસાયટી સંચાલિત અંગ્રેજી શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ અભિવ્યક્તિથી અનુભૂતિ ૨૦૧૮ યોજાયો. ૫૦૦ વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ કાર્યક્રમો થયા. જુદી જુદી કલાકૃતિઓથી અભિભૂત થઈ દાતા, ટ્રસ્ટીઓ તેમજ વાલીઓ દ્વારા રોકડ પુરસ્કારોની જાહેરાત કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયા હતા. કોલેજ વિભાગ દ્વારા સુરક્ષા સેતુ નામની એક કૃતિ રજૂ કરવામાં આવી હતી. જેમાં મહિલાઓને સુરક્ષા સંબંધિ માહિતી આપવામાં આવી હતી.

● રાજપૂતાના સંધાર ટ્રસ્ટ દ્વારા દેશપ્રેમ ભાવના જગાડવવાના પ્રયાસ રૂપે એક દિવસીય રાષ્ટ્રીય ભક્તિ યાત્રાનું આયોજન પીપરથી વિધાકોટ સુધી કરાયું હતું. આખોદિવસ સરહદ પર જવાનો સાથે દિવસ વિતાવી દેશપ્રેમ અને દેશભક્તિ ઉજાગર કરાઈ હતી. સમાજના વડીલો, યુવાનો અને બાળકો પીપરી, બિદડા, આસંબિયા, કોજાચોરા, વાંઢ, શેરડી, દરષડી, લુડવા, મોટા યક્ષ સહિત ગામોના જ્ઞાતિજનો જોડાયા હતા.

● ફેબ્રુમાસની ૧ થી ૩ તારીખ સુધી અમદાવાદમાં ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ફિલ્મ ફેસ્ટિવલવનું આયોજન નિર્ધાર્યું છે. જેના ડિરેક્ટર તરીકે મૂળ કચ્છ તેરાના વિનોદ ગણાત્રા છે. હેડાં હુડાં, હારૂન અરૂન અને લૂકાછૂપી જેવી બાળ ફિલ્મોના નિર્માતા અને નિર્દેશક એવા ગણાત્રા૭૪ જેટલી રાષ્ટ્રીય આંતર રાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં જ્યૂરી તરીકે અને તેમાય ૮ વખત ચેરમેન તરીકેની ફરજ નિભાવી છે. આ ફિલ્મ ફેસ્ટિવલની જ્યૂરીમાં આરતી પટેલ, મનીષ સૈની, રાજેન્દ્ર મહાપાત્ર તથા એ એસ કાનલ તથા દર્શન ત્રિવેદી છે.

● મૂળ ભૂજના અને કાયદા પંચના પૂર્વ અધ્યક્ષ, ગુજરાતના પૂર્વ ચૂંટણી કમિશનર પ્રભાકરભાઈ ધોળકિયાની રાજ્યની એક માત્ર ફોરેન્સિક સાયન્સ યુનિર્વસિટી ગાંધીનગરની એકેડેમિક કાઉન્સલની સભ્ય પદે ત્રણ વર્ષ માટે વરણી કરાઈ છે. આ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દેશનું એક માત્ર વિશ્વ વિધ્યાલય છે જે ફોરેન્સિક સાયન્સ જેવા જટિલ વિષયમાં ડિગ્રી આપે છે.

● સોમૈયા સર્વોદય ટ્રસ્ટ, તેમતે ચેરિટેબલ ટ્રસ્ટ, રોટરી કલબ ઓફ મુંબઈ ઘાટકોપર, પી.એમ.પી એસો. ઓફ ઈન્ડિયા તેમજ ભોજાય સર્વોદય ટ્રસ્ટના સંયુક્ત આયોજન હેઠળ ૧૧ મો દમ, શ્વાસ, એલર્જી કેમ્પ તથા આઠમો વ્યસન મુક્તિ અભિયાન અને વિવિધ રોગ નિદાન તથા સર્જિકલ કેમ્પ નખત્રાણા ખાતે યોજાયો જેમાં ૩૫૦૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.

● કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર શાળાને ૨૫ વર્ષ પૂર્ણ થતા ચાર દિવસીય રજત જયંતિ મહોત્સવ યોજાયો તે પહેલા ૨૪ ગામો વચ્ચે રંગોળી હરીફાઈ યોજાઈ જેણે સમગ્ર પરિસરમાં રંગીન ઈન્દ્રધનુષનો માહોલ સર્જી દીધો હતો.

# અબડાસા અને લખપતમાં દુષ્કાળઃ રાતા તળાવ પાંજરાપોળનું ગૌવંશ બચાવવા પ્રસંશનિય કાર્ય

કચ્છમાં ખાસ કરીને અબડાસા અને લખપતમાં દુષ્કાળની સ્થિતિ એટલી ગંભીર અને દારૂણ છે કે પશુમાલિકો પોતાના ઢોરોને ઘરે ન બાંધતા રખડતા મૂકી દે છે. આવા અંદાજે દસ હજાર રખડતા ઢોરોમાંથી ૨૧૦૦ ઢોરોને ગામેગામથી એકત્ર કરી 30 કિ.મી. લાંબી ગૌવંશ બચાવ યાત્રા કાઢી રાતાતળાવ પાંજરાપોળમાં નિભાવ માટે લવાયા હતા. હાલમાં રાતાતળાવ પાંજરાપોળમાં ૧૦,૦૦૦ થી વધુ ગૌવંશની સંભાળ લેવાઇ રહી છે.

# શ્રી પ્રગતિ મહિલા મંડળ, મોટી સિંધોડી – પોંગલ મહોત્સવ

૧૨-૧-૨૦૧૯ના રોજ પ્રમુખ અ.સૌ.જ્યોત્સનાબેન લહેરચંદ મૈશેરીના પ્રમુખપદે તેમના મુલુંડસ્થિત નિવાસસ્થાને પોંગલ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ. મહિલા મંડળના સભ્યો સારી સંખ્યામાં હાજર રહી આ કાર્યક્રમમાં ભાગ લીધેલ. દક્ષિણ ભારતીય વેશભૂષા તથા ખાનપાનનું આયોજન ખૂબજ સુંદર રીતે મહિલા મંડળના સમિતિના સભ્યોએ કરેલ. આ કાર્યક્રમમા પ્રથમ વિજેતા તરીકે શ્રીમતી અરૂણાબેન લોડાયા અને દ્વિતીય વિજેતા અ.સૌ. મધુબેન મૈશેરીને ઘોષિત કરવામાં આવેલ તથા ભાગ લેનાર દરેક મહિલા સભ્યને આશ્વાસન ઇનામો આપવામાં આવેલ. ઉપરાંત વિવિધ ગેમ્સ રમાડેલ અને ઇનામો આપેલ.

# શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ સોનગઢ માટે એડમિશન પ્રક્રિયા શરૂ થઈ

ઉપરોક્ત સંસ્થાના વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે નવા દાખલ થવા માટેના એડમીશન ફોર્મનું વિતરણ શરૂ થઇ ગયેલ છે. અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ ધોરણ ૬ અને ૭ માટે ફોર્મ મેળવવા ઇચ્છુક વાલીઓએ સંસ્થાની દાદર (ઇસ્ટ) ખાતે આવેલી ઓફિસમાં સંપર્ક કરવો. ફોન – ૨૪૧૬૫૬૩૯, મોબાઇલ – ૮૩૫૬૮૮૧૫૫૯, સમય ૧૨ થી ૫ સુધી (રવિવાર બંધ)

## જીવન ઘટમાળ

● મરણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૧-૨૦૧૯ | ભાંડુપ (પ.) | નરેશ સોમચંદ દંડ | સુથરી | ૪૬ |
| ૨૧-૦૧-૨૦૧૯ | ડોંબિવલી (પૂ.) | દમયંતી (દીપુબાઈ) પ્રેમજી ગોસર | બાપોઈ | ૮૧ |
| ૨૨-૦૧-૨૦૧૯ | ખીરકીયા | ભરત (ભગતશી) રતનશી નાગડા | લાલા | ૭૨ |

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# મુલુંડમાં પ્રથમવાર ફેક્ટરી આઉટલેટ શોરૂમ

## નવા કલેશન પર 10 % ડિસ્કાઉન્ટ



# અશ્વ એથનિક્સ

પ્રસંગ પરિધાનનું મથક

શેરવાની • કુર્તા • જેકેટ્સ • સુટ

સગાઇ, લગ્ન પ્રસંગ જેમજ પાર્ટી અને વિવિધ પ્રસંગોને અનુરૂપ
આપને ગમતી ડિઝાઇન, કલર પસંદગી સાથે આપનો નિખારતું

પુરૂષોની પ્રથમ પસંદગી
ગ્રાહકની ઇચ્છા માંગ અને જરૂરિઆત અનુરૂપ પૌરૂષત્વને
નિખારતું પરિધાન એકવારની મુલાકાત-સદાયનો થશે સંગાથ

વિશિષ્ટતા
કસ્ટમાઇઝડ
ડિઝાઇન

**ફેકટરી આઉટલેટ**

૧૫ સી, શાંતિ ઇન્ડસ્ટ્રીઝ,
સરોજીની નાયડુ રોડ, તાંબેનગર, મુલુંડ (વેસ્ટ)

સમય : સવારે ૧૧.૩૦ થી ૮.૦૦ (ગુરૂવારે બંધ)

વધુ વિગત માટે સંપર્ક

**Call : 8169873626**

ખાસ વિશિષ્ટતા-ચુડીદાર સુટ, શેરવાની સુટ અને ધોતી સુટ, સ્પે. રાજનીતિ મોદી સુટ

NOW SAVE UPTO 99%#
ON PREMIUM OF YOUR
COMMERCIAL VEHICLES*
(ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 31/03/2019

* T&C APPLY

insurancekhoj.com™
the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL


KDO Gyatimaiya Weekly E-magazine KDO